મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ : સવારે ૯૨ ટકા ● સાંજે ૫૨ ટકા
વરસાદ ૫ મી.મી.
ગાંધીનગર તાપમાન

શહેરમાં સામાન ચોરતી રિક્ષા ગેંગ પુનઃ સક્રિય

ગાંધીનગર ડેપો પાસેથી અડાલજ જવા રિક્ષામાં બેસેલી માતા-દિકરી ભોગ બની : થેલામાં મુકેલો ત્રણ તોલા દાગીના ભરેલો ડબ્બો રિક્ષા ગેંગે સેરવી લીધો : અડાલજ નજીક ટ્રાફીકનું બહાનું કાઢીને ઉતારી મુકયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારોમાં અગાઉ રિક્ષા ગેંગે આતંક મચાવી દીધો હતો. એક-બે ગેંગ પકડાયા બાદ હમણાંથી આ ગુનાઓ બંધ થઈ ગયા હતા. મુસાફર તરીકે રિક્ષામાં બેસાડીને મુસાફરની નજર ચુકવી કિંમતી સામાન સેરવી લેતી રિક્ષા ગેંગ પુનઃ સક્રિય થવા પામી છે. દોલારાણા વાસણા ગામની માતા-પુત્રી રાજસ્થાન ખાતે સાસરીએ જવા નીકળ્યા ત્યારે ગાંધીનગર ડેપોથી અડાલજ વચ્ચે રિક્ષા ગેંગનો ભોગ આ માતા-પુત્રી બની હતી. થેલામાં મુકેલો દાગીના ભરેલો ડબ્બો રિક્ષા ગેંગે નજર ચુકવીને સેરવી લીધો અને અડાલજ નજીક ટ્રાફીકનું બહાનું કાઢીને બંને માતા-પુત્રીને ઉતારી દીધા હતા. ઘરે પહોંચ્યા પછી ખ્યાલ આવ્યો કે રૂ. ૭૫ હજારના દાગીના ભરેલો ડબ્બો ગાયબ હતો. સે-૭ પોલિસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દોલારાણા વાસણા ગામમાં રહેતા જનકબા પોપટસિંહ રાઠોડની સાસરી રાજસ્થાનના શિહોરી જિલ્લામાં ઉમેદપુરા ગામમાં આવેલી છે. ગઈ ૪થી તારીખે જનકબા તેમની દિકરી વિલાશબાને લઈને દોલારાણા વાસણાથી સાસરી રાજસ્થાન જવા નીકળ્યા હતા. દોલારાણા વાસણાથી ગાંધીનગર એસ.ટી. ડેપો નજીક આવ્યા અને ડેપો પાસેથી રિક્ષા ભાડે કરીને માતા-દિકરી અડાલજ જવા નિકળ્યા હતા. જે રીક્ષામાં માતા-દિકરી બેઠા તેમાં પહેલેથી પાછળ અન્ય બે મુસાફરો સવાર હોવાથી દિકરી વિલાશબાને પાછળની સીટમાં બેસાડી અને જનકબા આગળ બેઠા હતા. તેમની પાસે એક થેલો હતો તે દિકરી વિલાશબાના હાથમાં હતો. અડાલજ રિક્ષા પહોંચી ત્યારે ટ્રાફીકનું બહાનું કાઢીને ડ્રાઈવરે માતા પુત્રીને આગળ નહીં જાય તેમ કહીને ઉતારી મુકયા હતા. ઘરે પહોંચ્યા પછી થેલો તપાસ્યો તો ખબર પડી કે એક ડબ્બો થેલામાંથી ગાયબ થઈ ગયો હતો. આ ડબ્બામાં સોનાની શેર, બુટ્ટી અને દોરો મળી ત્રણ તોલા સોનાના દાગીના મળી રૂ. ૭૫ હજારના દાગીના હતા. રિક્ષા ગેંગ મુસાફર માતા પુત્રીની નજર ચુકવીને દાગીના સેરવી લઈ રફુચક્કર થઈ ગઈ હતી. આ મામલે ગઈ કાલે જનકબાએ સે-૭ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

@ગાંધીનગર

● નીકી હોસ્પિટલ કુડાસણ ખાતે કેન્સરના દર્દીઓ માટે ૩૮મો મફત નિદાન કેમ્પ અને રકતદાન કેમ્પ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

● નીટમાં ઓછા માર્ક આવવાની સંભાવનાવાળા વિદ્યાર્થીઓ અને વિદેશમાં ડૉકટર બનવા અંગે સેમિનાર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે.

● ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન શિબિરનું આયોજન બ્રહ્માણી હોલ કડી કેમ્પસ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

● યુનીટી ઓફ ગાંધીનગર દ્વારા કેરીયર ગાઈડન્સ સેમિનાર સાંજે ૪ થી ૯ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● સમસ્ત માળી સમાજ રાષ્ટ્રીય યુવા સંગઠન સંલગ્ન 'ફૂલે બ્રિગેડ'ની પ્રથમ વાર્ષિક બેઠક સવારે ૧૦ કલાકે પેથાપુર મુકામે ઠાકોર સાહેબની હવેલી સ્થિત માળી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્ર ખાતે યોજાશે.

સે-૧૩માં રહેતા આર્મીમેનના મકાનમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૧૩ ખાતે સરકારી આવાસમાં રહેતા અને આર્મીમાં ફરજ બજાવતા જવાન પરિવાર સાથે એક મહિના માટે મકાનને તાળુ મારીને પોતાના વતન આસામ ગયા હતા. આ સમયગાળા દરમિયાન તસ્કર ટોળકી તેમના બંધ મકાનને નિશાન બનાવી મકાનની ગ્રીલ તોડી અંદરથી રૂ. ૧૭હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ જવા પામી હતી. જવાનની ફરિયાદ લઈ સે-૭ પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે બ્લોક નં. ૭૩/૨માં રહેતા અને મુળ આસામના સંદિપકુમાર પરિવારને લઈને મકાનને તાળુ મારી પોતાના વતન આસામ ગયા હતા. આજે સવારે વતનથી તેઓ ઘરે ફરત ફર્યા અને જોયું તો દરવાજા પાસેની ગ્રીલ તુટેલી હાલતમાં હતી. એક મહિના દરમિયાનમાં કોઈ તસ્કર ટોળકીએ તેમના મકાનને ટાર્ગેટ બનાવી ગ્રીલ તોડીને અંદર ઘુસી ડબ્બામાં મુકેલા રૂ. ૨ હજાર રોકડા, પત્નિ અને દિકરીની ચાંદીની ઝાંઝર (રૂ. ૧૦ હજાર) અને કેમેરો મળી કુલ રૂ. ૧૭ હજારની મત્તાનો સામાન ચોરી કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. જવાને સેકટર-૭ પોલિસને ઘટના અંગે જાણ કરતાં પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી એફએસએલની ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ તથા ડોગ સ્કવોર્ડ બોલાવીને ઝીણવટભરી તપાસ આરંભી છે.

નગરમાં પહેલા વરસાદમાં જ પાંચ વૃક્ષ ધરાશાયી

કાદવ-કિચડને પગલે વાહનો ફસાઈ જવાના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં આખરે ધીમી ગતિએ ચોમાસાની સિઝનનો પ્રારંભ ગત રાત્રીથી થઈ ગયો છે. ઉનાળાની ગરમીથી કંટાળેલા નાગરીકોને સામાન્ય વરસાદથી ગરમીમાંથી રાહત મળી છે. જયારે પહેલા વરસાદમાં જ તંત્રની પોલ ખુલી જવા પામી છે. શહેર તેમજ ન્યું ગાંધીનગરના ઠેકઠેકાણે વરસાદી પાણીના ખાબોચીયા ભરાઈ જવા પામ્યા હતા. વરસાદને પગલે જમીન પોચી થઈ ગઈ હોવાથી કેટલાક સ્થળોએ વાહનો ખસાઈ ગયા હોવાના અને વૃક્ષ ધરાશઈ થઈ ગયા હોવાના દ્રશ્યો પણ નજરે પડયા હતા.

ઉનાળાની સિઝનમાં ગરમીનો પારો ગાંધીનગરમાં સતત ચડ્યા કરતો હતો. અંગ દઝાડતી ગરમીને પગલે નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. શહેરનું જનજીવન પણ ગરમીથી પ્રભાવિત બની ગયું હતું. બાફ અને ઉકળાટ વચ્ચે દરેક નાગરીક મેઘરાજાની સવારી શહેરમાં આવી પહોંચે તેની રાહ જોઈ રહ્યો હતો. ત્યારે આખરે અને અંતે દિવસભર આકાશમાં ગોંરભાયેલા કાળા ડિંબાગ વાદળો મધ્યરાત્રીએ વરસી પડ્યા હતા. મોડીરાતના શરુ થયેલ વરસાદ સવાર સુધી ચાલુ રહ્યો હતો. જેને પગલે માર્ગ પર બાઈક સ્લીપ થઈ જવાના પણ બે કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. જયારે શહેરના આંતરીક માર્ગો પર પાણીના ખાબોચીયા ભરાયેલા નજરે પડતા હતા. જયારે બાળકો વરસાદમાં મનમુકીને સવારે રમતા પણ નજરે પડ્યા હતા. જયારે ખોદકામ બાદ યોગ્ય પુરણકામ થયુ ન હોવાથી જમીન ધસી પડતા કેટલાક ઠેકાણે વાહનો ફસાઈ જતા વાહન માલિકો મુસીબતમાં મુકાયા હતા. વાહનમાં રહેલો સામાન બહાર ઉતાર્યા બાદ નાગરીકોની મદદથી વાહન નીકાળ્યા હતા. જયારે પહેલા વરસાદ અને પવનને પગલે નગરમાં પાંચ થી વધુ વૃક્ષો ધરાશાયી થઈ ગયા છે.ત્યારે નગરમાં પહેલા વરસાદથી જ આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે તો આગામી સમયમાં ચોમાસામાં વરસાદને પગલે શુ સ્થિતિ સર્જાશે તે જોવુ રહ્યું...

શહેરની મહિલાનું ૧૦ હજાર ફુટ ઉંચાઈથી 'સ્કાય ડાઈવ'

શહેરમાં ઉનાળુ વેકેશન પુરા થઈ ગયા અને શાળાઓનો પ્રારંભ થઈ ગયો છે. ઉનાળુ વેકેશનમાં બહારગામ ફરવા જવાના ટ્રેન્ડમાં હવે ઘણો બદલાવ આવ્યો છે. હવે સહેલાણીઓ હવાખાવાના સ્થળોએ કે ધાર્મિક સ્થળોએ જવાના બદલે સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે સ્કાય ડાઈવ, સ્કૂબા ડાઈવીંગ, પેરાગ્લાઈડીંગ વગેરે થઈ શકે તેવા સ્થળો પછી ભલે તે દેશમાં હોય કે વિદેશમાં પણ તેને પસંદગીમાં અગ્રીમતા આપે છે. ગાંધીનગરની એક ખાનગી નર્સરી સ્કૂલના શિક્ષિકા ભૂમિ જોગાણી તેમના પરીવાર સાથે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયા હતા જયાં તેમણે ૧૦ હજાર ફુટ ઉંચાઈએથી વિમાનમાંથી સ્કાય ડાઈવ કરવાનો રોમાંચ માણ્યો હતો જયારે તેમના પુત્રએ પણ આ સફરમાં બુંગી જમ્પનું સાહસ ખેડયું હતું.

વાતવાતમાં

● ગાંધીનગરના પંચદેવ સામેના સેકટર-૨૧માં જવાનો ક્રોસીંગ વધુને વધુ જોખમી બનતો જાય છે. આ ક્રોસીંગ પાસે સર્જાયેલ વધુ એક અકસ્માતમાં એક રીક્ષાએ સ્કૂટર ચાલકને ટકકર મારતા સ્કૂટર ચાલકને ચહેરા તથા હાથના ભાગે ઈજાઓ થવા પામી હતી.

● વરસાદના આગમન સાથે જ વાવોલ સહિતના ગુડા વિસ્તારમાં વીજળીના ધાંધિયા શરુ થઈ ગયા છે. રાત્રે ઉપરાંત બપોરના સમયે પણ આશરે દોઢથી બે કલાક માટે વિજળી વેરણ થવા પામી હતી.

આઈ લવ માય ગાંધીનગર

કરણ કુશવાહા

ગાંધીનગર ગમે

સુંદરતા, સગવડતા અને હરિયાળીને કારણે ગાંધીનગર શહેર ગમે છે. ઉપરાંત એ મારી કર્મભૂમિ હોવાથી વિશેષ ગમે છે.

નગરજનો

પારકાંને પોતાનાં કરીને પોતાનામાં ભેળવી દેનારા સંસ્કારી ને સ્નેહાળ નગરજનો આ નગરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગ્રો ફાઉન્ડેશન, પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ, , જી ઈ ક્લબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

શહેરનાં ઘરો સુખી છે ને યુવકો ભટકી રહ્યા છે. આ સમસ્યા વધુ વકરે એ પહેલાં એનો હલ શોધવાની જરૂર છે.

નગર માટે હું કરી શકું

સેવાનાં કાર્યો માટે મારું યોગદાન આપવા હું તૈયાર છું.

સે-૨૧ સરકારી શાળામાં કાર્યરત જીમમાં સુધારો કરવા યુવાનોની માંગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી યુવાનો પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત બન્યા છે. આજના યુવાનોની જીવનશૈલી જ બદલાઈ ગઈ છે. જેને પગલે અવનવા રોગ ઘર કરી જાય છે. ત્યારે શહેરના યુવાનો જીમમાં જઈને કસરત કરીને કલાકો સુધી પસીનો વહાવી રહ્યા છે. ત્યારે વર્ષોથી સેકટર-૨૧ સરકારી શાળામાં જીમના સાધનો મુકવામાં આવ્યા છે. જેમાં રોજના કેટલાક યુવાનો કસરત કરીને પોતાના શરીરને સ્નાયુબધ્ધ બનાવી રહ્યા છે. પરંતુ આ જીમ ઘણું જુનુ છે તેમજ કસરતના સાધનો પણ ઘસાઈ ગયા છે ત્યારે જીમમાં સુધારો કરીને નવા સાધનો વસાવવામાં આવે તેવી માંગ કસરતબાજો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર ખાનગી જીમનો રાફડો ફાટ્યો છે. ખાનગી જીમમાં અદ્યતન સુવિધા સભર કસરત કરવા માટેના અવનવા સાધનો ઉપલબ્ધ હોય છે. પરંતુ ખાનગી જીમના સંચાલકો ફી પણ તોતિંગ વસુલતા હોય છે. ત્યારે શહેરના દરેક યુવાનને ખાનગી જીમની ફી પરવડતી નથી.જેથી શહેરના મોટાભાગના મધ્યમ વર્ગના યુવાનો સેકટર-૨૧ સરકારી શાળામાં વર્ષોથી કાર્યરત જીમમાં કસરત કરવા આવે છે. પરંતુ વર્ષો પહેલા જેવી સ્થિતિ હતી તેવી જ સ્થિતિ અત્યારે હાલના સમયે જોવા મળી રહી છે. જેમાં ઘણા સુધારા વધારા કરવાની જરૂરીયાત ઉભી થવા પામી છે. જે તે સમયે વસાવવામાં આવેલા સાધનો અત્યારે હાલ જુના તેમજ જર્જરીત થઈ ગયા છે. તેમજ કેટલાક સાધનો તુટી ગયા હોવાથી યુવાનો કસરતથી પણ વંચિત રહી જાય છે. જયારે કેટલાક યુવાનોએ પોતાના સ્વ ખર્ચે કેટલાક સાધનો મુકાવ્યા છે તો બીજી તરફ અન્ય સાધનોની જાળવણી તેમજ મરામતના રૂપીયા પણ યુવાનો દ્વારા ચુકવવામાં આવે છે. આ જીમ રામ ભરોસે જેવી સ્થિતિમાં છે. સવાર-સાંજનો ટાઈમ ફીકસ હોવા છતા ગમે ત્યારે ગમે તે આવી ને કસરત કરે તેવી સ્થિતિ સર્જાઈ છે. સરકારી જીમ હોવાથી તંત્ર દ્વારા ગ્રાન્ટ તો આપવામાં આવતી જ હશે ને તેમ છતા વર્ષો વિતવા છતા કોઈ સાધનો નવા આવ્યા નથી. ત્યારે કસરતબાજ યુવાનોને ના છુટકે તુટેલા ફુટેલા સાધનોમાં કસરત કરીને મન મનાવવુ પડે છે ત્યારે નવા સાધનો આવે તેમ યુવાનો ઈચ્છી રહ્યા છે.

નવાકોબા તથા જુનાકોબા પ્રાથમિક શાળામાં આજે બાળકોનો શાળા પ્રવેસોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહેમાનોએ જણાવ્યું હતુ કે ગામડાના તમામ બાળકો ફરજીયાત પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ મેળવે તેમજ બાળકો માટે શિક્ષણ જીવનમાં આવશ્યક છે. આ પ્રસંગે જિલ્લા શાસનાધિકારી છાયાબેન રાવલ, પ્રા. શાળાના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ, જુનાકોબા આચાર્ય નિરૂબેન તથા સરપંચ યોગેશભાઈ બી. નાયી, ઉપસરપંચ કાર્તિકભાઈ ડાભી તથા ભુપેન્દ્રભાઈ પટેલ, ગ્રામપંચાયતના સભ્યો તથા સ્કૂલના બાળકો તથા ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જલારામ સેવા સમાજની પરિવાર દર્પણ વિમોચન

ગાંધીનગર, તા.૧૦

શ્રી જલારામ સેવા સમાજ-ગાંધીનગર દ્વારા જલારામ સેવા સમાજની પરિવાર દર્પણ છઠ્ઠી આવૃત્તિ પુસ્તિકાનું વિમોચન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૪-૬-૨૦૧૭ના રોજ ટાઉનહોલ, સે-૧૭ ખાતે રાત્રીના ૮.૦૦ કલાકે રાખેલ છે તો જલારામ સેવા સમાજના તમામ સભ્યોએ સમયસર પ્રવેશ મેળવી લેવા વિનંતી છે. સમાજના દરેક સભ્યોએ આમંત્રણ કાર્ડ લાવવું આવશ્યક છે તેમ શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણીએ જણાવ્યું છે.

સ્વ. બિનય આચાર્યનું આજે બેસણું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ખગોળ શાસ્ત્રી ગૌતમભાઈ આચાર્યના સુપુત્ર બિનય આચાર્યનું તા. ૯મી જુનના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૧મી જુન રવિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર પટેલ વાડી સેકટર-૭ ગાંધીનગર ખાતે રાખેલ છે.

જરૂરિયાતમંદ વર્ગના બાળકો માટે નોટબુક-ચોપડાનો 'સહયોગ'

ગાંધીનગરના સહયોગ મંડળ દ્વારા શહેરના ૧ હજારથી વધુ બાળકોને રૂ. ૭૫ હજારની કિંમતના નોટબુક-ચોપડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકો દ્વારા ચલાવાતી સેવાભાવી સંસ્થા સહયોગ મંડળે શહેરની સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયામંદ વર્ગના બાળકોને શાળા પ્રારંભે વિના મૂલ્યે ચોપડા વિતરણ કર્યું છે. સહયોગ મંડળ દ્વારા શહેરની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓના કુલ ૧ હજારથી વધુ બાળકોને ૩૦૦ ડઝન જેટલા ચોપડા અને ૫૦ ડઝન નોટબુકોનું વિતરણ કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે. સહયોગ મંડળ છેલ્લા પાંચ વર્ષથી આ સેવા પ્રવૃત્તિ હાથ ધરી રહ્યું છે.

સાક્ષરતા અભિયાન અંતર્ગત રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. સરકારી તંત્ર દ્વારા પ્રવેશોત્સવની સફળતા દર્શાવવા યેનકેન પ્રકારે બાળકોની શાળા પ્રવેશવિધિ તો કરી દેવાય છે પરંતુ અનેક બાળકો શિક્ષણ સાધનની અછત સહિતના વિવિધ કારણોસર અભ્યાસ અધવચ્ચે પડતો મુકે છે જેના કારણે હજુ પણ રાજયમાં ડ્રોપ આઉટ રેશિયો ચિંતાજનક સ્થિતિએ છે દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ તો મળવું જ જોઈએ અને તો જ રાજય સાક્ષરતા અભિયાન સંપૂર્ણ પણે સફળ થઈ શકે પરંતુ જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકો વિવિધ કારણોસર અભ્યાસ પુરો કરી શકતા નથી. ગાંધીનગરના સેવાભાવી નિવૃત્ત વરિષ્ઠ નાગરિકો દ્વારા ચલાવાતી સ્વૈચ્છિક સંસ્થા સહયોગ મંડળ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શહેરની વિવિધ સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને મદદરૂપ થવાના આશયથી નોટબુક-ચોપડા જેવી સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ સંસ્થા દ્વારા આ ઉપક્રમે છેલ્લા ત્રણ દિવસ દરમિયાન હાથ ધરાયો હતો. જેમાં શહેરની દરેક શાળાઓમાં એક હજારથી વધુ બાળકોને કુલ ૩૦૦ ડઝન ચોપડા અને ૫૦ ડઝન નોટબુકોનું વિતરણ કરાયું છે.

સહયોગ મંડળ દ્વારા આવરી લેવાયેલી શાળાઓમાં સે-૩, સે-૭, સે-૨ડી, ઈન્દ્રોડા-૧ અને ૨, સે-૨૨, સે-૬, વાવોલ, સે-૧૩માં નંદનવન આશ્રમ શાળા તથા બાળસંરક્ષણ ગૃહના બાળકોનો સમાવેશ થાય છે. આ સદકાર્યમાં સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલની આગેવાનીમાં દિલીપસિંહ રાજપૂત, રતિભાઈ સુથાર, બહેચરભાઈ પ્રજાપતિ, શૈલેષભાઈ ખરાદી અને કિરીટસિંહ વાઘેલા વગેરે અગ્રણી સભ્યો જોડાયા હતા. સહયોગ મંડળ દ્વારા આશરે રૂ. ૭૫ હજારની કિંમતના નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. પૃથ્વીસિંહ ભવાનસિંહ ચાવડા, ઉ.વ. ૬૬
- સ્વ. ભરતકુમાર જયંતિલાલ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૬૫
- સ્વ. રાજેશભાઈ અનુભાઈ ત્રિવેદી, ઉ.વ. ૬૫
- સ્વ. અંજલી લાલમોહન કુશવાહા, ઉ.વ. ૧૯